Extra No. 364

©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette
## EXTRAORDINARY
## [PUBLISHED BY AUTHORITY]

**Vol. LXVI ]** **FRIDAY, OCTOBER 10, 2025 / ASVINA 18, 1947**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**


# PART -I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**વંચાણમાં લીધું ::-**

- ગૃહ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક : HD/MIS/e-file/B/2025/0778/SB તા.૧૭/૦૯/૨૦૨૫

**જાહેરનામું**

**-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું :-**

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૨૭૯૯ થી ૧૨૮૬૪/૨૦૨૫.-આગામી દિવસોમાં પાટણ જિલ્લામાં દિવાળી તહેવારની ઉજવણી થનાર છે. આ પર્વને અનુલક્ષીને (૧) પાટણ જિલ્લાના વિસ્તારમાં જાહેર માર્ગો/રસ્તાઓ કે મકાનના ભયજનક ધાબા ઉપર ચડીને લોકો ચાઈનીઝ તુક્કલ ઉડાડતા હોય છે. જેને લઈને વ્યકિતઓની જાનનું જોખમ ઉભુ થવાની સંભાવના રહેલી છે. (૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડતા હોય છે. (૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણી જનક લખાણો લખી ચાઈનીઝ તુક્કલ ઉડાડતા હોય છે. જેના કારણે ટ્રાફકી અવરોધ ઉભો કરતા હોય છે. તેમજ પક્ષીઓને ઈજાઓ થવાના અને તેના મોતના બનાવો પણ બને છે. (૪) આ પર્વ નિમિત્તે પાટણ જિલ્લાના વિસ્તારમાં ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન ખૂબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તુક્કલમાં હલકી કવોલીટીના સળગી જાય તેવા વેકસ પદર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાને કારણે જાનમાલ અને સંપત્તી ને નુકશાન થાય છે. તેમજ શહેરમાં એરપોર્ટ (એરોડ્રામ) આવેલ હોય, જેથી જાહેર જનતાની સલામતી તેમજ કાયદો અને વયવસ્થાની જાળવણી હેતુસર જાહેર હિતમાં કેટલાક જરૂરી પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

તેમજ વંચાણે લીધેલ ગૃહ વિભાગ, સચિવાલય ગાંધીનગરના પત્ર ક્રમાંક ::- HD/MIS/e-file/B/2025/0778/SB તા.૦૯/૧૦/૨૦૨૫ થી શરદ પુર્ણિમા થી દેવદિવાળી તથા નવેમ્બર માસના પ્રથમ અઠવાડીયાથી જાન્યુઆરી માસની ૧૬ તારીખ સુધી જાહેરનામું બહાર પાડવા તેમજ ચાઈનીઝ તુક્કલ, પ્રતિબંધ અંગે જનજાગૃતિના કાર્યક્રમો કરવા જણાવેલ.

વાસ્તે, હું વી.સી.બોડાણા(GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, પાટણ જિલ્લાના વિસ્તારમાં કોઈપણ વ્યકિત, ચાઈનીઝ તુક્કલ, ખરીદવા, આયાત કરવા, વેચાણ કરવા, કબજા કરવા, સંગ્રહ કરવા, ઉડાડવા ઉપર નીચે મુજબ પ્રતિબંધ ફરમાવુ છું

**:: પ્રતિબંધીત કૃત્યો ::**

૧. કોઇ પણ વ્યક્તિએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા / ફૂટ પાથ તેમજ ભયજનક ધાબા પર ચાઈનીઝ તુક્કલ, ઉડાડવા ઉપર.

૨. ઓનલાઈન પ્લેટફોર્મ મારફત વેચાતા ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) વેચવા પર.

૩. ચાઈનીઝ તુક્કલ ઉડાવવા, ખરીદવા, આયાત કરવા, વેચાણ કરવા, કબજા કરવા, સંગ્રહ કરવા પર.

૪. આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડવા ઉપર.

૫. આમ જનતાની લાગણી દુભાય તે રીતે ચાઈનીઝ તુક્કલ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર.

**:: અમલવારીનો સમયગાળો ::**

આ જાહેરનામું, જાહેરનામામાં સહી કર્યા તારીખથી તા.૦૫/૧૧/૨૦૨૫ ના ૨૪ : ૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

**-:: શિક્ષા ::-**

આ હુકમના કોઈ પણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલિસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૯/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**વી.સી.બોડાણા (GAS)**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ

---



Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 18:04:47 IST